## સિવિલ હોસ્પિટલમાં ખડેપગે સુરક્ષા વ્યવસ્થા સંભાળી રહેલાં ૨૭૧ સિક્યુરિટી ગાર્ડ

# સિવિલના બે સિક્યુરિટી ગાર્ડ કોરોનાને મ્હાત આપી ફરીવાર નવી સિવિલની સુરક્ષામાં તૈનાત

**આઠ કલાક પીપીઈ કીટ પહેરી કોવિડ વોર્ડમાં સિક્યુરિટી ગાર્ડ પોતાની સેવા આપી રહ્યા છે**

---------------

**કોઈ પણ અપેક્ષા વિના માત્ર નિંસ્વાર્થ સેવાનું ઉદાહરણ એટલે સિવિલના સુરક્ષાકર્મીઓ**

(જનાદેશ પ્રતિનિધિ)
**સુરત**

કોરોનાકાળના -રંભથી જ નવી સિવિલ હોસ્પિટલમાં તૈનાત ૨૭૧ સિક્યુરિટી ગાર્ડ ૨૪ કલાક ખડેપગે ફરજ બજાવીને કોરોના સામેના જંગમાં યોગદાન આપી રહ્યા છે. જેમાંથી ૭૨ સિક્યુરિટી ગાર્ડ પોતાની જીવની પરવા કર્યા વગર સ્ટેમ સેલ બિલ્ડીંગની કોવિડ-૧૯ હોસ્પિટલમાં સતત આઠ કલાક પીપીઈ કીટ પહેરીને નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે. સાચા અર્થમાં ગ્રાઉન્ડ લેવલના કોરોના વોરિયર કહી શકાય એવાં સુરક્ષાકર્મીઓમાંથી બે સિકયુરિટી ગાર્ડ કોરોનાગ્રસ્ત બન્યાં હતાં, જેઓ એક મહિના સુધી હોસ્પિટલમાં દાખલ રહી સારવાર મેળવી કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયાં બાદ ફરી એક વાર પોતાની ફરજ પર જોડાઈ ગયા છે. સી.સી.ટી.વી. કેમેરાની મદદથી પણ વોચ રાખવામાં આવે છે.

પૂર્વ એરફોર્સ ઓફિસર અને સિવિલ હોસ્પિટલમાં ચીફ સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવતા હરેન ગાંધીએ જણાવ્યું હતું કે, હું તા.૮ જુલાઈથી સિવિલ હોસ્પિટલમાં ચીફ સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજમાં મુકાયો છું. સિવિલ હોસ્પિટલના તમામ સિક્યુરિટી કર્મચારીઓના મેનેજમેન્ટની જવાબદારી સંભાળી રહ્યો છું. કુલ ૨૭૧ સિક્યુરિટી ગાર્ડ ૨૪ કલાક માટે ફરજ ઉપર રહે છે. સિવિલમાં આવતાં દર્દીઓ અને તેમના સગાવ્હાલા, ડોક્ટર્સ, પેરામેડિકલ સ્ટાફની સુરક્ષા, વાહનો, એમ્બ્યુલન્સની સુરક્ષા તેમજ ટ્રાફિક કંટ્રોલની કામગીરી પણ નિભાવીએ છીએ.

### કોવિડ હોસ્પિટલમાં ૨૪ કલાક ૭૨ સિક્યુરિટી ગાર્ડ પોતાની ફરજ નિભાવી રહ્યા છે




## ‘સિવિલના ડોક્ટરો પોતાનો જીવ જોખમમાં મુકી દિવસરાત દર્દીઓને સ્વસ્થ કરવા મહેનત કરી રહ્યાં છે, તો હું કેમ નહિ? : કોરોનામુક્ત ગાર્ડ મનસુખભાઈ પરમાર




કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના માત્ર ફરજને વફાદાર રહેતા સુરક્ષાકર્મીઓ કોરોના સંક્રમણનો પણ ભોગ બન્યા હતા, આમ છતાં સારવાર લીધા બાદ સ્વસ્થ થઈને ફરી પાછાં ફરજ પર હાજર થઈ ગયા છે. આવા જ એક કોરોનામુક્ત થઈને ફરજ નિભાવી રહેલાં સિક્યુરિટી ગાર્ડ મનસુખભાઈ પરમારે જણાવ્યું હતું કે, શ્નહું મૂળ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના સાજિયાવદર ગામનો વતની છું, અને સુરતમાં વર્ષોથી અમરોલીમાં પરિવાર સાથે રહું છું. છેલ્લા દોઢ વર્ષથી સિવિલ હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડની ફરજ પર છું. કોરોનાના કારણે અમારી સુરક્ષા જવાબદારીમાં પણ વધારો થયો છે. મને સિવિલ નં.૧૨ ઉપર ફરજ પર હતો, એ દરમિયાન મને કોરોનાના લક્ષણ દેખાતા સિવિલમાં તપાસ દરમિયાન ૧૫ જૂને મારો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સિવિલમાં સારવાર માટે દાખલ થયો ત્યારે મારી હાલત ગંભીર થતાં એક મહિનો ઓક્સિજન પર રાખવામાં આવ્યો હતો. પરંતુ ડોક્ટરોએ મને સ્વસ્થ કર્યો અને ૨૩ જુલાઇના રોજ નેગેટિવ રિપોર્ટ આવતાં ૨૪મી જુલાઈએ ડિસ્ચાર્જ થઈ ઘરે પરત ફર્યો હતો. ૧૫ દિવસ હોમ ક્વોરન્ટાઈન રહી સંપૂર્ણ સ્વસ્થ થયાં પછી ફરી એક વાર ફરજ પર હાજર થયો છું. તેમણે ગૌરવથી કહ્યું કે, શ્નસિવિલના ડોક્ટરો પોતાનો જીવ જોખમમાં મુકી દિવસરાત દર્દીઓને સ્વસ્થ કરવા મહેનત કરી રહ્યાં છે, તો હું કેમ નહિ? જેથી કોરોનામુક્ત થાય બાદ ૧૫ દિવસ પછી પોતાની ફરજ પર હાજર થયો છું.

## સિવિલમાં હાલ અમારૂં કામ વધ્યું હોવાથી સ્વસ્થ થઈને ઘરે બેસી રહેવું યોગ્ય ન લાગતાં સેવામાં લાગી ગયો છું : કોરોના વોરિયર વિરમભાઇ પરડવા



રાજકોટ જિલ્લાના ધોરાજી અને હાલ સુરતમાં વરાછા ખાતે રહેતા અન્ય એક કોરોનામુક્ત થઈને ફરજ નિભાવી રહેલાં સિક્યુરિટી ગાર્ડ વિરમભાઇ લાલજીભાઈ પરડવાએ જણાવ્યું હતું કે, શ્નહું નવી સિવિલમાં દોઢ વર્ષની સિક્યુરિટી ગાર્ડની નોકરી દરમિયાન અનેક -કારના દર્દીઓ જોયાં, પરંતુ કોરોના જેવો ચેપી રોગ પહેલીવાર જોયો છે. જેનો હું પણ ભોગ બની ચૂક્યો છું, તેમજ સારવાર લઈને સ્વસ્થ થઈ ચૂક્યો છું. હાલ કોરોનાની પરિસ્થિતિમાં પણ એક પણ રજા પાડ્યા વગર ફરજ નિભાવી રહ્યો હતો એ દરમિયાન જ તા.૯ જુલાઈના રોજ મને શરદી, ઉધરસ અને તાવ જેવા લક્ષણો દેખાયાં હતા. સિવિલમાં રિપોર્ટ કઢાંવતા કોરોના પોઝિટિવ હોવાથી ૧૫ દિવસ સારવાર લીધી હતી. તા.૨૩ જુલાઇના રોજ કોરોના રિપોર્ટ નેગેટીવ આવતા રજા અપાઈ હતી, ત્યારબાદ ઘરે માત્ર ત્રણ દિવસમાં સંપૂર્ણ સ્વસ્થ થયો છું, અને કોઈ શારીરિક તકલીફ ન હોવાનું લાગ્યું, જેથી તા.૨૫ જુલાઈએ ફરજ પર હાજર થયો છું. સિવિલમાં હાલ અમારૂં કામ વધ્યું હોવાથી મને ઘરે બેસી રહેવું યોગ્ય ન લાગતાં સેવામાં લાગી ગયો છું.

## ઘરના સભ્યો નોકરી કરવાની ના પાડે છે, પણ રોજીરોટી આપનાર સિવિલ હોસ્પિટલને મુશ્કેલીના સમયમાં છોડીને જવાનું યોગ્ય નથી : રોશનસિંગ રાજપૂત



કોવિડ વોર્ડમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ રોશનસિંગ હરેરામસિંગ રાજપૂતે જણાવ્યું હતું કૈ છેલ્લા ત્રણ મહિનાથી સિવિલના કોવિડ વોર્ડમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે તૈનાત છું. સતત આઠ કલાક પીપીઈ કીટ પહેરી સેવા કરૂ છું. આઠ કલાક પીપીઈ કીટ પહેરીને કામ કરવું મુશ્કેલ છે. આઠ કલાકમાં અમે ભોજન અને પાણીની પણ પરવા કર્યા વિના ફરજ બજાવીએ છીએ. પરિવારના લોકો નોકરી કરવાની ના પાડતા હતા, પરંતુ મને રોજીરોટી આપનાર સિવિલ હોસ્પિટલને મુશ્કેલીના સમયમાં છોડીને જવાનું યોગ્ય નથી. સંકટના સમયમાં પણ મારી ફરજ બજાવવી એ નૈતિક ધર્મ છે એવું હું શીખ્યો છું. જેથી કોરોનાની મહામારીમાં પણ હું સેવા કરવાનું ચૂકીશ નહિ.

## પરિવારમાં કોઈને ઇન્ફેકશન ના લાગે એટલે મારા કપડા ગરમ પાણી વડે જાતે જ ધોઈ નાખું છું : ગાર્ડ જગદીશભાઈ સૈદાણે



કોવિડ હોસ્પિટલમાં તૈનાત સિક્યુરિટી ગાર્ડ જગદીશભાઈ સૈદાણે જણાવે છે કે, શ્નછેલ્લા ત્રણ મહિનાથી કોવિડ હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડની ફરજ નિભાવતો હતો, કોવિડ વોર્ડમાં ફરજ દરમિયાન મારી તબિયત બગડતા હાલ હોસ્પિટલ તંત્રની સલાહથી મને કોવિડ હોસ્પિટલના -વેશ દ્વારા પર ડ્યુટી આપવામાં આવી છે. મારા બે દીકરા છે, તેમજ પરિવારમાં કોઈને ઇન્ફેકશન ના લાગે એટલે હું ઘરે પહોચ્યા બાદ કોઈની સાથે મળવા કે વાતચીત કર્યા વગર સીધો બાથરૂમમાં જઈ મારા કપડા ગરમ પાણીમાં બોળી જાતે જ ધોઈ નાખું છું, ત્યારબાદ સ્નાન કરી કપડા બદલી પરિવાર સાથે બેસું છું.

## સિવિલના ડોક્ટર્સ, સ્ટાફ કે દર્દીઓના પરિવારજનોની સલામતી જળવાઈ રહે એ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ : તારિક સિદાત ખુર્શીદ, સિક્યુરીટી વ્યવસ્થાપક



સિક્યુરીટી વ્યવસ્થાપક તારિક સિદાત ખુર્શીદ જણાવે છે કે, શ્નહું કોવિડ હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડનું મેનેજમેન્ટનું કામ કરૂ છું. કોરોનાની શરૂઆતથી જ કામ કરી રહ્યો છું. ઘણીવાર કોઈ દર્દીના સગાં સિક્યુરિટી ગાર્ડ સાથે તકરાર પણ કરે છે, જેમને શાંત પાડવાનું કામ પણ કરું છુ.

## નવસારી જિલ્લામાં નવા ૧૮ કેસો નોંધાયાં

**નવસારી:** રવિવાર કોરોના મહામારી (કોવિડ-૧૯)ના સંક્રમણને રોકવા માટે સરકારશ્રીની સુચનાઓનું નવસારી જિલ્લામાં ચુસ્તપણે પાલન થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગંભીરતાથી વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. જે અનુસંધાને જિલ્લામાં અત્યાર સુધી કોરોના મહામારીના શંકાસ્પદ વ્યક્તિઓના ૭૫૩૮ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે. જિલ્લામાં આજે નવા ૧૮ કેસ સાથે નોંધાય છે. આજદિન સુધીમાં કુલ ૪૮૧ પોઝીટીવ કેસો નોંધાયા છે. જિલ્લામાં કુલ ૧૪૧ કેસ કોવીડ હોસ્પીટલમાં ઍક્ટીવ કેસ છે. ૩૦૨ દર્દીઓને રજા આપવામાં આવી છે. તેમ જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની યાદી જણાવે છે.

## નવસારી પોલીસ દ્વારા ૩૨ વાહનો ડિટેઈન કરાયાં

**નવસારી:** કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા અનલોક-૦૨ નો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા.૨૫ જુલાઈ સુધી નવસારી જિલ્લા પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ ઍક્ટ ૧૯૫૧ હેઠળ આજદિન સુધી ૧૩૧૫૯ સામે ઍફ.આઇ.આર. તેમજ ૧૪૭૪૪ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે તા.૨૫ જુલાઈના રોજ જિલ્લામાં ૩૨ વાહનો ડીટેઈન કરાયા હતા. તેમજ વાહનચાલકો પાસે રૂ.૧૫૦૦૦/- નો દંડ વસૂલ કરાયો હતો. શહેરીજનોને અનલોક-૦૨ નું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

### નવસારી જિલ્લામાં કોરોનાની સ્થિતિ

## જિલ્લામાં ૪૬૩ કોરોના પોઝીટીવ, ૨૯૧ દર્દીઓ ડિસ્ચાર્જ-૧૩૫ દર્દીઓ સારવાર હેઠળ તેમજ કોરાનાથી કુલ-૩૭ ના મૃત્યું

**નવસારી**

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૫/૦૭/૨૦૨૦ ના રોજ ૧૦૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૨૩, જલાલપોર- ૧૪, ગણદેવી- ૧૫, ચીખલી- ૨૦, ખેરગામ-૧૦ વાંસદા- ૨૫ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૭૪૩૯ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૬૮૪૯ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં સાતમાં રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૮,૫૭,૫૮૪ વસ્તીને આવરી લેવામાં આવી છે. જિલ્લામાં આજદિન સુધી કુલ-૪૬૩ કોરોનો પોઝીટીવ દર્દીઓ નોંધાયેલા છે. તે પૈકી ૨૯૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે. કોરોનાથી કુલ-૩૭ વ્યકિતઓના મૃત્યું થયા છે. ૧૩૫ દર્દીઓ સારવાર હેઠળ છે. કુલ પોઝીટીવ દર્દીઓ પૈકી નવસારી ગ્રામ્ય-૫૯, નવસારી શહેરી-૧૪૦, જલાલપોર ગ્રામ્ય-૪૨, વિજલપોર નગરપાલિકા-૭૫, ગણદેવી ગ્રામ્ય-૫૪, બીલીમોરા નગરપાલિકા-૨૬, ચીખલી-૩૮, ખેરગામ-૧૦, વાંસદા-૧૯ કેસો નોંધાયેલા છે. નવસારી જિલ્લામાં કુલ-૩૪૮ વિસ્તારો કન્ટેઇનમેન્ટ હેઠળ છે. કન્ટેઇનમેન્ટ વિસ્તારમાં ૫૧૩ મેડિકલ ટીમો દ્વારા કુલ ૪૧૬૯૧ વસ્તી, ૧૧૮૪૨ ઘરોનું સર્વે હાથ ધરવામાં આવ્યું છે.

કુલ પોઝીટીવ દર્દીઓ પૈકી મુંબઇ-૨૨, નાસિક-૦૧, અમદાવાદ-૦૩, સુરત-૧૬૦, વલસાડ(ડુંગરી)-૦૧, ઓખા-૧૭, રાજસ્થાન-૦૧, ડોલવણ-૦૧, વ્યારા-૦૩, સેલવાસ-૦૧, ભરૂચ-૦૧ તથા ૭૬ દર્દીઓ પોઝીટીવ કેસના સંપર્કમાં આવેલા છે.

જિલ્લામાં સરકારી અને ખાનગી મળી કુલ-૧૭ કવોરેન્ટાઇન સેન્ટરની વ્યવસ્થા છે. હાલમાં જિલ્લામાં ૩૧૫૫૧ હોમ કવોરેન્ટાઇન, ૯૪ ફેસીલીટી કવોરેન્ટાઇન મળી કુલ-૩૧૬૪૫ વ્યકિતઓને કવોરેન્ટાઇન કરવામાં આવ્યાં છે, તેમ નવસારી જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

# પ્લેગની મહામારી સામે બાથ ભીડનારા પાલિકાના આરોગ્યકર્મી ચંદ્રકાંતભાઈ કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયાં : હવે હોમ આઈસોલેશન પૂર્ણ કરી ઝડપથી ફરજ નિભાવવા તત્પર

### પ્લેગ, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, પુર, ફાઈલેરિયા જેવી અનેક આફતો સામે લડ્યો છું, કોરોનાને પણ હરાવીશ એવો વિશ્વાસ હતો : ચંદ્રકાંતભાઈ પટેલ

**૧૯૯૪માં ફરજ પર જોડાયેલાં ચંદ્રકાંતભાઈની નોકરીની શરૂઆત જ પ્લેગની આફત સાથે થઈ હતી પ્લેગના વાહક ઉંદરોના દર શોધી શોધીને નાશ કરવાની કપરી જવાબદારી નિભાવી ચૂક્યા છે ચંદ્રકાંતભાઈ**

**આફતોના ઓછાયા હેઠળ કામ કરનારા કોરોના વોરિયરે વધુ એક વાર મુસીબતને આપી મ્હાત**

(જનાદેશ પ્રતિનિધિ) **સુરત**

દેશની સરહદે દુશ્મનો સામે લડતાં વીર જવાનો ઘાયલ થવા છતા ક્યારેય હાર માનતા નથી, કંઇક આવી જ રીતે પ્લેગ જેવી અનેક કુદરતી આપત્તિઓ સામે લડનારા સુરત મહાનગરપાલિકાના -ાઈમરી હેલ્થ વર્કર કોરોના સામે લડ્યાં, શહેરીજનોને સ્વસ્થ રાખવાંની જવાબદારી દરમિયાન કોરોનાગ્રસ્ત બન્યાં, પરંતુ કોરોનાને હરાવી હોમ આઈસોલેશન પીરિયડ પૂરો થયા બાદ ફરી એક વાર ફરજ પર પાછાં આવવા તત્પર છે. કોરોના સામે જંગે ચડેલા સુરત મહાનગરપાલિકાના હજારો આરોગ્યકર્મીમાંથી એક એવા કોરોના વોરિયર એટલે અઠવા ઝોનના વેક્ટર બોર્ન રોગો નિયંત્રણ (સ્ઝ્ઝ્દ) વિભાગના -ાઈમરી હેલ્થ વર્કર ચંદ્રકાંતભાઈ પટેલ, જેમણે તેમની સુદીર્ઘ ફરજ અને આરોગ્યસેવા દરમિયાન પ્લેગ, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ફિલેરિયાથી શહેરીજનોને મુક્ત રાખવાંની -શંસનીય કામગીરી નિભાવી છે. વર્ષ ૧૯૯૪માં પ્લેગની મહામારી સામે લડનારા ૫૪ વર્ષીય ચંદ્રકાંતભાઈ કોરોના નિયંત્રણની ફરજ દરમિયાન કોરોનાગ્રસ્ત બન્યાં, પરંતુ મક્કમ મનોબળ અને રોગો સામે લડવાની તેમની -કૃત્તિના કારણે કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયાં છે. હાલ ડોક્ટરની સલાહ મુજબ હોમ આઈસોલેશન પીરીયડ પૂર્ણ કરી શહેરીજનોની સેવામાં ફરી એક વાર ફરજ નિભાવવા તત્પર છે. ભટાર રોડના સાંઈકૃપા પાર્ક સોસાયટીમાં રહેતા કોરોનાયોદ્ધા ચંદ્રકાંતભાઈ વર્ષ ૧૯૯૪માં સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનનાં વેક્ટર બોર્ન રોગો નિયંત્રણ (સ્ઝ્ઝ્દ) વિભાગમાં ફરજ પર જોડાયા હતાં, એ સમયે તેમની નોકરીની શરૂઆત જ પ્લેગની આફત સાથે થઈ હતી. સુરત શહેર પર પ્લેગ, પુર જેવી અનેક કુદરતી આફતો આવતી રહી અને દરેક વખતે એ ફ્રન્ટ લાઈન વોરિયર બની રહ્યા હતાં. કોરોનામુક્ત થયેલાં ચંદ્રકાંતભાઈએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં માર્ચ મહિનાથી અઠવા ઝોનમાં વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ વિભાગમાં -ાઈમરી હેલ્થ વર્કરની મારી ફરજ દરમિયાન કોરોના સંક્રમિત દર્દીઓના ઘરને સેનિટાઈઝ અને સંક્રમિત દર્દીઓના પરિવારજનોને હોમ ક્વોરન્ટાઈન કરવાની કામગીરી નિભાવી છે. ગત તા.૭ જુલાઈના રોજ મને તબિયત બગડતાં કોવિડ રેપિડ ટેસ્ટ કરાવ્યો હતો, જેમાં લક્ષણો જણાતા ૭ દિવસ હોમ આઈસોલેશનમાં રહ્યો હતો. આ દરમિયાન તબિયત લથડતા અને શરીરમાં ઓક્સિજનનું -માણ ઘટતા મને ૧૪ જુલાઈના રોજ ટ્રાઈસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સમયસર સારવાર મળવાના કારણે કોરોનાને મ્હાત આપી ૨૨ જુલાઈએ સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યો હતો. તબીબોની સલાહ અને સરકારની ગાઈડલાઈન -માણે થોડા દિવસ હોમ આઈસોલેશનમાં છું, પરંતુ મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીજીની -ેરણા અને ઝોનના સાથી કર્મચારીઓના સહયોગથી હું ફરી એક વાર ફરજ પર પાછો ફરીને કોરોનાની મુશ્કેલીના સમયમાં લોકોનું ઋણ અદા કરવા તત્પર છું એમ તેઓ ગૌરવથી જણાવે છે. ચંદ્રકાંતભાઈએ નોકરીની શરૂઆત કરી એ જ વર્ષે સુરતમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. આ એવો સમય હતો જ્યારે સુરતમાં વસતાં લાખો લોકો મોટી સંખ્યામાં હિજરત કરી ગયાં હતા. પ્લેગનો ખૌફ એવો હતો કે, સુરતથી હિજરત કરીને બીજા શહેર કે ગામમાં વસતા સ્વજનોને ત્યાં આશરો લેવા પહોંચેલા લોકો માટે એમના સ્વજનોએ ઘરના દરવાજા પણ નહોતાં ખોલ્યા. પ્લેગના કપરા કાળની સ્મૃત્તિ તાજી કરતાં તેઓ જણાવે છે કે, શ્નહું નવો નવો નોકરીમાં જોડાયો ત્યારે પ્લેગના કારણે માસ્ક પહેરીને ફરજ બજાવતો. માસ્ક પહેરવાનો મારો આ પહેલો અનુભવ હતો. લોકોએ પણ માસ્ક પહેરવું ફરજિયાત હતું. પ્લેગ દરમિયાન આખા શહેરમાં રોજેરોજ દવા છાંટતા રહેવાનું હતું. ઉંદરનું નામ પડતા જ લોકોમાં ભયનું લખલખુ પસાર થઈ જતું, એવા પ્લેગના વાહક ગણાતા ઉંદરોના દર શોધી શોધીને નાશ કરવાની કપરી જવાબદારી નિભાવી હતી. તેમણે વાત આગળ જણાવ્યું કે, શ્નહજુ તો પ્લેગની સ્થિતિમાંથી માંડ ઉગરીને ઉભા થયા, ત્યાં થોડા જ વર્ષોમાં વળી એક બીજી મુસીબત ધરતીકંપ સ્વરૂપે આવી. શહેરના ઘણાં ભાગોમાં ભૂકંપની તીવ્ર અસરથી મકાનો, બિલ્ડીંગો ધ્વસ્ત થયા હતા. કાટમાળ ખસેડવાથી માંડીને ઘાયલોની સારવાર, મૃતકોના અંતિમસંસ્કાર જેવા કામો કરવાના હતા. ઈમરજન્સી કામગીરી અને રોગચાળાની દહેશત વચ્ચે કામ કરવાનું આવ્યું. ત્યારબાદ વર્ષ ૨૦૦૬માં આવેલાં વિનાશક પુરમાં સમગ્ર સુરત શહેરનો ૭૦ૂ જેટલો વિસ્તાર પાણીમાં ડૂબ્યો હતો, એ વખતે ઘરપરિવારની પરવાં કર્યા વિના અમે એસએમસીના કર્મચારીઓ સાથે મળી શહેરને બચાવવાની, ફસાયેલાં લોકોને સલામત સ્થળે સ્થળાંતરની જવાબદારી નિભાવી હતી, એ સમયે હું પોતે સહકર્મીઓ સાથે ઉધના ઝોન ઓફિસમાં ફસાયો હતો, અને લગભગ ત્રણ દિવસ અને રાત સુધી થોડા ફૂડપેકેટ અને પીવાના પાણીના સહારે ગુજાર્યા હતા.







### ફોર્મ જી - એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ રજુ કરવા માટે આમંત્રણ

**નાદારી અને નાદારી નિયમન (નિયમન પ્રક્રિયામાં કોર્પોરેટ વ્યક્તિઓ માટેના નિરાકરણ પ્રક્રિયા) નિયમો ૨૦૧૬ ની નિયમન ૩૬ એ (૧) હેઠળ**

**સંબધિત વિગતો**

| | | |
|---|---|---|
| 1 | કોર્પોરેટ દેવાદારનું નામ | કૃષ્ણ નિટવેર ટેક્નોલોજી લિમિટેડ |
| 2 | કોર્પોરેટ દેવાદારની સ્થાપનાની તારીખ | 23.08.1982 |
| 3 | સત્તાધિકાર હેઠળ કોર્પોરેટ દેવાદાર શામેલ / નોધાયેલ | કંપનીઓના રજિસ્ટ્રાર, અમદાવાદ |
| 4 | કોર્પોરેટ ઓળખ નંબર / કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર | U17119DN1982PLC000092 |
| 5 | કોર્પોરેટ દેવાદારના રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય કચેરી (જો કોઈ હોય તો) નો સરનામું | ગામ : સમારવરની, કૃષ્ણ નગર, સેલવાસ, સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી - ૩૯૬૨૩૦, ભારત |
| 6 | કોર્પોરેટ દેવાદારના સંદર્ભમાં નાદારીની શરૂઆતની તારીખ | 13.01.2020 (Order uploaded on 28.01.2020) |
| 7 | રસ ધરાવો છો તે માટે આમંત્રણની તારીખ | 27.07.2020 |
| 8 | કોડે મુજબ કલમ ૨૫ (૨) (એચ) અંતર્ગત રેસોલુશન ઉમેદવારોની પાત્રતા જોવા મળશે માહિતી | Details are available at – www.kktl.in (Document Title: Detailed Invitation for Expression of Interest) |
| 9 | કલમ ૨૯ એ મુજબ બિન-પાત્રતા માટેના નિયમો ઉપલબ્ધ છે | These norms are available in Section29A of the Insolvency and Bankruptcy Code or are available at– www.kktl.in (Document Title: Detailed Invitation for Expression of Interest) |
| 10 | એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ મેળવાની છેલ્લી તારીખ | 26.08.2020 |
| 11 | સંભવિત ઠરાવ અરજદારોની અસ્થાયી સૂચિ ઇશ્યૂ કરવાની તારીખ | 05.09.2020 |
| 12 | અસ્થાયી સૂચિના વાંધાઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ | 10.09.2020 |
| 13 | સંભવિત ઠરાવ અરજદારોની અંતિમ સૂચિ ઇશ્યૂ કરવાની તારીખ | 20.09.2020 |
| 14 | માહિતી મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ અને સંભવિત ઠરાવ અરજદારોને રિઝોલ્યુશન પ્લાનની વિનંતીની તારીખ | 10.09.2020 |
| 15 | રીઝોલ્યુશન પ્લાન, મૂલ્યાંકન મેટ્રિક્સ, માહિતી મેમોરેન્ડમ અને વધુ માહિતી માટે અરજીઓ મેળવવાની રીત | નાદારી અને નાદારી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી પ્રક્રિયા) ના નિયમો, ૨૦૧ ૨૦૧૬ ની નિયમન ૨૦૧૬ ૩૬ બીની જોગવાઈઓ અનુસાર અને આગળની ઇમેઇલ આઈડી cirp.kktl@gmail.com |
| 16 | રિઝોલ્યુશન માટે સબમિશન છેલ્લી તારીખ | 12.10.2020 |
| 17 | રિઝોલ્યુશન રિઝોલ્યુશન માટે રિઝોલ્યુશન યોજનાઓ રજૂ કરવાની રીત | અ) ઇલેક્ટ્રોનિક માધ્યમ થકી કોષ્ટક નંબર ૨૧ માં જણાવેલ ઇમેઇલ - આઈડી માં અને ટપાલ અથવા જાતે સિલબંદ કવરમાં કોષ્ટક ૨૧ માં જણાવેલ એડ્રેસ પાર મોકલવાનું રહેશે |
| 18 | મંજુરી આપનાર સત્તાધિકારને રિઝોલ્યુશન યોજના રજૂ કરવાની અંદાજિત તારીખ | 10.11.2020 |
| 19 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ અને નોધણી નંબર | શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા, નોધણી નંબર Registration No.: IBBI/IPA-002 /IP- N00109/ 2017-2018/10257 |
| 20 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ, સરનામું અને ઇમેઇલ, બોર્ડ સાથે નોધાયેલા તરીકે | શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા, ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર Email ID: mishrabk1959@gmail.com |
| 21 | રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર માટે ઉપયોગમાં લેવાતા સરનામું અને ઇમેઇલ | ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર Email ID (for correspondence): cirp.kktl@gmail.com |
| 22 | વધુ વિગતો આના પર અથવા તેની સાથે ઉપલબ્ધ છે | cirp.kktl@gmail.com |
| 23 | ફોર્મ પ્રકાશનની તારીખ | 27.07.2020 |

સહી/-
શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા રિઝોલ્યુશન વ્યાવસાયિક
કૃષ્ણ નિટવેર ટેક્નોલોજી લિમિટેડ
આઈબીબીઆઈ નોંધણી નંબર IBBI/IPA-002/IP-N00109/2017-2018/10257
પ્રક્રિયા માટેનું ઈમેઈલઆઈડી : cirp.kktl@gmail.com
આઈબીબીઆઈનોંધાયેલ ઈમેઈલ આઈડી : mishrabk1959@gmail.com
રિઝોલ્યુશન વ્યાવસાયિકનું એડ્રેસ ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર(પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર
તારીખ ૨૭.૦૭.૨૦૨૦
સ્થળ મુંબઈ